પશ્ચિમ રેલવેએ માલગાડીઓની ૧૧,૮૦૦ રેકોમાં લોડિંગ કરીને હાંસિલ કર્યુ ૩૦૮૧ કરોડનું રાજસ્વ

અમદાવાદ, કોરોના વાયરસ ને કારણે ઘોષિત થયેલ પૂર્ણ લોકડાઉન તથા વર્તમાન માં પરિવહન અને શ્રમશક્તિની સૌથી મુશ્કેલ પરિસ્થિતિ હોવા છતાં પશ્ચિમ રેલવેએ તેની લોડિંગ ગતિવિધિઓને લગાતાર ચાલુ રાખી છે. આ આવશ્યક કાર્ય પશ્ચિમ રેલવેના કર્મઠ અધિકારીઓ તથા નિષ્ઠાવાન કર્મચારીઓના સામૂહિક પ્રયાસોના કારણે સંભવ થઈ શક્યું હતું. ૨૨ માર્ચ, ૨૦૨૦ થી લાગુ પૂર્ણ લોકડાઉન તથા વર્તમાન આંશિક લોકડાઉન દરમિયાન કઠિનતમ પરિસ્થિતિઓ અને વિકટ પડકારો હોવા છતાં, પશ્ચિમ રેલવે એ ૧૧ ઓગસ્ટ, ૨૦૨૦ સુધી માલગાડીઓની ૧૧,૭૦૮ રેક લોડ કરીને ખૂબ પ્રશંસનીય કાર્ય કર્યું છે, જેના ફળસ્વરૂપ ૩૦૮૧.૫૦ કરોડ રૂપિયાથી પણ વધુ રાજસ્વ પ્રાપ્ત કર્યું છે. સ્ટેશનો પર શ્રમશક્તિની અછત હોવા છતાં, પશ્ર્ચિમ રેલવે દ્વારા તેની માલવાહક ટ્રેનોના માધ્યમથી દેશભરમાં અત્યાવશ્યક સામગ્રીનું પરિવહન ખૂબ સારી રીતે કરવામાં આવ્યું હતું. જેમા પીઓએલના ૧૨૫૯, ખાતરના ૨૦૮૯, મીઠાનાં ૬૩૩, ખાદ્યાન્નના ૧૧૪, સિમેન્ટના ૯૩૭, કોલસાના ૪૫૩, કન્ટેનરોના ૫૪૭૩ તથા સામાન્ય માલના ૫૪ રેકો સહિત કુલ ૨૪.૩૧ મિલિયન ટન વજનવાળી વિવિધ ગાડીઓને ઉત્તર-પૂર્વી ક્ષેત્રો સહિત દેશનાં વિવિધ રાજ્યોમાં મોકલવામાં આવેલ. આ સિવાય મિલેનિયમ પાર્સલ વેન તથા મિલ્ક ટેક્ક વેગનોના વિવિધ રેક દવાઓ, મેડિકલ કિટ, , દૂધ પાવડર અને પ્રવાહી દૂધ જેવી વિવિધ આવશ્યક વસ્તુઓની માંગ અનુસાર પૂર્તિ કરવા માટે ઉત્તરી અને ઉત્તર-પૂર્વી ક્ષેત્રોમાં મોકલવામાં આવેલ. કુલ ૨૩,૦૩૯ માલગાડીઓને અન્ય ઝોનલ રેલો સાથે ઈન્ટરચેન્જ કરવામાં આવેલ, જેમાં ૧૧,૪૯૭ ટ્રેનો સોંપવામાં આવી અને ૧૧,૫૪૨ ટ્રેનોને પશ્ચિમ રેલવેના વિવિધ ઈન્ટરચેન્જ પોઈન્ટ પર લઈ જવામાં આવેલ. આ સમય દરમિયાન જમ્બોના ૧૫૩૫ રેક, મ્ૅઠ્ઠના ૭૪૧ રેક અને મ્ૅઢ્ઢના ૬૪૯ રેકો સહિત વિવિધ મહત્ત્વપૂર્ણ આવક રેકો નું પશ્ચિમ રેલવેના વિવિધ સ્ટેશનો પર મજૂરોની અછત હોવા છતાં અનલોડિંગ કરવામાં આવ્યું. પશ્ર્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિત ઠાકુર દ્વારા જારી કરાયેલ એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર ૨૩ માર્ચ, ૨૦૨૦ થી ૧૧ ઓગસ્ટ, ૨૦૨૦ સુધી લગભગ ૯૬,૭૦૦ ટન વજનવાળી અત્યાવશ્યક સામગ્રીનું પરિવહન પશ્ર્ચિમ રેલવે દ્વારા તેની ૪૬૦ પાર્સલ વિશેષ ગાડીઓના માધ્યમથી કરવામાં આવેલ છે, જેમાં કૃષિ ઉત્પાદનો, દવાઓ, માછલી, દૂધ વગેરે મુખ્યત્વે સમાવિષ્ટ હતા. આ પરિવહનના માધ્યમથી મળનારી આવક ૩૧ કરોડ રૂપિયાથી વધુ રહી છે. આ સમય દરમિયાન ૭૨ મિલ્ક સ્પેશિયલ ગાડીઓને પશ્ર્ચિમ રેલવે દ્વારા ચલાવવામાં આવી, જેમાં ૫૪૫૦૦ ટનથી વધુનું વજન હતું અને વેગનોના ૧૦૦% ઉપયોગથી લગભગ ૯.૪૧ કરોડ રૂપિયાથી વધુ આવક પ્રાપ્ત થઈ છે. આ જ રીતે ૩૩,૦૦૦ ટનથી વધુ વજનવાળી ૩૬૭ કોવિડ-૧૯ વિશેષ ટ્રેનો પણ વિવિધ આવશ્યક વસ્તુઓના પરિવહન માટે ચલાવવામાં આવી, જેના દ્વારા અર્જિત કરાયેલ આવક ૧૬.૭૧ કરોડ રૂપિયાથી વધુ રહી. આ સિવાય ૯૧૦૮ ટન વજનવાળા ૨૧ ઈન્ડેન્ટેડ રેક પણ લગભગ ૧૦૦% ઉપયોગ સાથે ચલાવવામાં આવી, જેનાથી ૪.૭૮ કરોડ રૂપિયાથી વધુ આવક મેળવી. પશ્ર્ચિમ રેલવેએ દેશના વિવિધ ભાગોમાં સમયબદ્ધ પાર્સલ વિશેષ રેલગાડીઓ ચલાવવાનો ક્રમ સતત ચાલુ રાખેલ છે. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ કુલ ચાર પાર્સલ સ્પેશિયલ ટ્રેનો પશ્ચિમ રેલવે થી રવાના થઈ, જેમાં પોરબંદર થી શાલીમાર, ઓખા થી ગુવાહાટી, દેવાસ થી ચંડીગઢ અને કાંકરિયા થી સંકરેલ ગુડ્ઝ યાર્ડ માટે ચાલનારી ટ્રેનો નો સમાવિષ્ટ છે.

બારડોલીના કેટલાક ગામડાઓ સતત બીજા દિવસે સંપર્ક વિહોણા

બારડોલી, બારડોલી તાલુકાનાં રાયમ, વરાડ, મોટી ફળોદ, નસુરા, અકોટી, ઈશનપોર, વઢવાણિયા સહિતના ગામો બીજા દિવસે પાણીમાં રહ્યા હતા. આ ગામોમાં રાત્રિ દરમ્યાન સતત થયેલા વરસાદને કારણે સપાટીમાં વધારો થયો હતો. જો કે કોઈના ઘરોમાં પાણી ઘૂસ્યુ ન હોય હાલ આ ગામડાઓમાંથી કોઈનું સ્થળાંતર કરવામાં આવ્યું નથી. અકોટી ગામનું ખાડી ફળિયું અને વઢવાણિયાનું ચૌધરી ફળિયું બીજા દિવસે પણ ગામથી વિખૂટું રહ્યું હતું. ઉતારા નજીકની ચીક ખાડીનો પુલ છેલ્લા ત્રણ દિવસથી પાણીમાં ડૂબેલો હોય કરચકા, ઉતારા અને વધાવા ગામના લોકોનો બારડોલી સાથેનો સંપર્ક કપાયો છે. અહીના લોકોએ તાલુકા મથક સુધી આવવા માટે મઢી થઈને ૨૦ થી ૨૫ કિમીનો ચકરાવો લગાવવો પડી રહ્યો છે. આ ગામોમાં રાત્રિ દરમ્યાન સતત થયેલા વરસાદને કારણે સપાટીમાં વધારો થયો હતો. જો કે કોઈના ઘરોમાં પાણી ઘૂસ્યુ ન હોય હાલ આ ગામડાઓમાંથી કોઈનું સ્થળાંતર કરવામાં આવ્યું નથી.

ટાટા સ્કાયર સિનિયર્સે નીના ગુપ્તાનો આઈકોનિક શો “સાંસ” બે દાયકા બાદ પ્રસારિત કર્યો

TATA sky
Seniors
Tune in to 505
saans

અમદાવાદ, એડલ્ટ્રી, રિલેશનશીપ્સ અને બ્રોકન મેરેજ અંગે ૯૦ના દાયકામાં આઈકોનિક શો “સાંસ” ટેલીવિઝન દર્શકો માટે નવો હતો. તે યાદોને તાજી કરતાં ટાટા સ્કાય સિનિયર્સ નેશનલ એવોર્ડ વિજેતા અભિનેત્રી નીના ગુપ્તા દ્વારા લિખિત અને દિગ્દર્શિત ૧૯૯૮નો શો ફરીથી પ્રસારિત કરી રહ્યું છે. તેમણે અભિનેતા કંવલજીત સિંઘ,કવિતા કપૂર, શગુફ્તા અલી, સુસ્મિતા દાન અને બરત કપૂર સહિતના કલાકારો સાથે મહિલા હિમાયતીની ભુમિકા ભજવી હતી. આ શો ટાટા સ્કાયર સિનિયર્સ ઉપર દર સોમવારથી શુક્રવારે બપોરે ૧૨ અને રાત્રે ૯ વાગ્યે ચેનલ નંબર ૫૦૫ ઉપર જોવા પ્રસારિત થાય છે. આ શો તેના સમયથી ઘણો આગળ હતો અને તેણે ભારતીય મહિલાઓની છબીને પડકારી હતી, જેમાં લગ્ન, છેતરપિંડી અને પ્રેમમાં પડવા સહિતના એન્ટિક્સનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરાયો હતો. આ શો સુખી લગ્ન ધરાવતી પ્રિયા કપૂર (નીના ગુપ્તા) અને ગૌતમ કપૂર (કંવલજીત સિંઘ) તથા તેમના ટીનએજ બાળકો અકુલ અને મિથાઈની આસપાસ ફરે છે. જોકે, જ્યારે ગૌતમ મનિષા (કવિતા કપૂર)ના મિત્ર બને છે અને ત્યારબાદ પરિસ્થિતિ બદલાય છે. તે પ્રિયાને છોડી દે છે કારણકે તે મનિષાને સંભાળી શકતો નથી. પ્રિયા તેની ઓળખ શોધવા સંઘર્ષ કરે છે અને સમય જતાં પોતાની જાતે સક્ષમ બને છે. (૧૯-૮)

કેડીલા ફાર્મા અને અક્ષયપાત્ર ફાઉન્ડેશને મળીને ૩,૦૦૦ વિદ્યાર્થીઓના પરિવારોને મધ્યાહન ભોજન પહોંચાડયુ

અમદાવાદઃ કેડીલા ફાર્મા અને અક્ષયપાત્ર ફાઉન્ડેશને મળીને ૩,૦૦૦ વિદ્યાર્થીઓને તંદુરસ્ત આહાર મળી રહે તે હેતુથી જુલાઈ અને ઓગસ્ટમાં આવશ્યક ખાદ્ય ચીજોની કીટનુ વિતરણ કર્યુ છે. કેડીલા ફાર્મા અને અક્ષયપાત્ર ફાઉન્ડેશન સાથે મળીને અમદાવાદ અને ગાંધીનગર જીલ્લાની ૩૮ સરકારી પ્રાથમિક શાળાઓમાં ભણતા ૧૦૮૬૩ વિદ્યાર્થીઓને અમર્યાદિત મધ્યાહન ભોજન મળી રહે તેવી વ્યવસ્થા કરી છે. અક્ષયપાત્ર ફાઉન્ડેશનના વાઈસ પ્રેસિડેન્ટ રાયા રામ દાસા જણાવે છે કે “કેડીલા ફાર્મા અને અક્ષયપાત્ર ફાઉન્ડેશન લાંબા સમયથી સંબંધ ધરાવે છે. દેશમાં લૉકડાઉન લદાયુ ત્યારથી હજારો પરિવારોને માઠી અસર થઈ છે. જેમને વિપરિત અસર થઈ છે તેમાં સરકારી શાળાઓનાં બાળકોનો સમાવેશ થાય છે. આ બાળકો પૌષ્ટિક મધ્યાહન ભોજનથી વંચિત રહ્યા છે.કેડીલા ફાર્માએ જે સહયોગ પૂરો પાડયો છે તેની અમે કદર કરીએ છીએ.” આ બાળકો નબળી આર્થિક હાલત ધરાવતા પરિવારોના બાળકો છે, તેમની પાસે શિક્ષણ અને તંદુરસ્તી માટેના મર્યાદિત સાધનો છે. લૉકડાઉન પછી ઘણા પરિવારોને અને ખાસ કરીને બાળકોને માઠી અસર થઈ છે. આ બાળકો શાળામાં જઈ શકતાં નહી હોવાથી મધ્યાહન ભોજનથી વંચિત રહ્યાં છે. તેમના શિક્ષણ ઉપરાંત આરોગ્યને પણ આ કારણે વિપરિત અસર થઈ છે. (૧૯-૧)

અરમાન હોલ્ડીંગ લીમીટેડ

સીન : L65993GJ1982PLC08296
રજીસ્ટર્ડ ઓફિસ :૪૧૯, રાજહંસ હાઈટ્સ, મીની બઝાર, વરાચ્છા રોડ, સુરત- ૩૯૫૦૦૬.
ટેલી નં. : ૯૫૮૬૦૦૬૫૬૯ વેબસાઈટ : www.armanholdings.in
ઈ-મેલ આઈડી: armanholdingsltd@gmail.com

અરમાન હોલ્ડીંગ્સ લીમીટેડ(કંપની)ના સભ્યોને નોટીસ

કોવિડ-૧૯ ના રોગચાળાને ધ્યાનમાં રાખીને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય(એમસીએ) દ્વારા જારી સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦ અને ૨૦/૨૦૨૦ તારીખ ૮મી એપ્રીલ ૨૦૨૦ , ૧૩ે ઍપ્રિલ, ૨૦૨૦ અને તારીખ ૫મી મે, ૨૦૨૦ અનુક્રમે (એમસીએ સરક્યુલર) મુજબ કંપનીઓ ને વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) વીડિઆ કોન્ફ્રેન્સિંગ (વીસી)/અન્ય ઓડિયો વિઝ્યુઅલ એટલે (ઓએવીએમ) મારફતે સભ્યોને ફીઝીકલ હાજરી વગર સામાન્ય સ્થલની મંજૂરી આપી છે.

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ (એક્ટ) અને સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેંન્સ) રેગ્યુલેશન, ૨૦૧૫ (સેબી (લોડર) રેગ્યુલેશન)અંતર્ગત સુધારેલ જોગવાઈઓ વાંચીને સેબીના પરિપત્ર નં. SEBI/HO/CFD/CM D1/CIR/P/2020/79 તારીખ ૧૨મી મે, ૨૦૨૦ ના રોજ સિક્યુરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી સરક્યુલર) અને એમસીએ પરિપત્ર અનુસંઘાને બહાર પાડેલ પરિપત્ર મુજબ કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની ૩૮મી એજીએમ બુધવાર, ૧૬ સપ્ટેમ્બર,૨૦૨૦ ના રોજ સવારે ૧૦.૦૦ વાગે વીસી/ઓએવી મારફતે સભ્યોને ફીઝીકલ હાજરી વગર એજીએમ નોટિસમા *નિર્ધારિત વ્યવસાયનો વ્યવહાર કરવા માટે મળશે.*

સેબી અને એમસીએ પરિપત્રોની જોગવાઈઓનું પાલન કરતા ૩૮મી એજીએમની નોટિસ તેની સાથે કંપનીના નાણાકીય વર્ષ ૩૧મી માર્ચ, ૨૦૨૦ના અંતના વાર્ષિક અહેવાલ સાથે ૩૮મી એજીએમની વીસી/ઓએવીએમમાં જોડાવા માટેની માર્ગદર્શિકા *તથા જેમના ઈમેલ એડ્રેસ ડિપોઝટરી પાર્ટીસીપેન્ટ(ડીપી) અથવા કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાંસફર એજેન્ટ ની પાસે નોંધાયેલા છે, તે સભ્યોને ૩૮મી એજીએમની* વીસી/ઓએવીએમમાં જોડાવા માટેના *ઈમેલ કરી દેવાયા છે. ૩૮મી એજીએમ નોટિસમાં ૩૮મી એજીએમની જોગવાઈઓનું પાલન કરવાના રહેશે.*

અધિનિયમના કલમ ૧૦૩ હેઠળ ક્વોરમ રેકોનિંગના પરપજ માટે વીસી/ઓએનીએમ ની મારફતે સભ્યો મત આપી શકશે ૩૮મી એજીએમની નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપની ની વેબસાઈટ (www.armanholdings.in) અને સ્ટોક એક્સચેન્જ ની વેબસાઈટ (www.bseindia.com) અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસેઝ (ઇન્ડિયા) લીમીટેડ(સીડીએસએલ)(www.evotingindia.com) પર પણ ઉપલબ્ધ છે.

કંપનીએ રિમોટ ઇ-વોટિંગ (એજીએમના સમયમાં) અને ઈ- વોટિંગ (એજીએમ દરમ્યાન)ની ઉપયોગિતા ૩૮મી એજીએમની નોટિસના સેટ આઉટ રિઝ્યોલુશન પર બધા સભ્યો ને તેમના વોટ આપવાના રહેશે. ૩૮મી એજીએમ નોટિસમા રિમોટ- ઈવોટિંગ અને ઇ- વોટિંગની વિગતની માર્ગદર્શિકા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

જે સભ્યો ફીઝીકલ પધ્ધતિએ શેર ઘરાવતા હોય અને તેમણે કંપની પાસે તેમનુ ઈમાઈલ એડ્રેસ ન નોઘાવ્યુ હોય તેઓ ૩૮મી એજીએમ ની નોટીસ મળ્યે થી તેમનું ઈમેઈલ એડ્રેસ નોઘાવી શકે છે ૩૮મી એજીએમની વીસી/એએવીએમ બેઠકમાં ભાગ લેવા તથા વાર્ષિક અહેવાલ માટેઅને ઈવાટીંગની સગવડ માટે કંપની ના રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ એડ્રોઈટ કોર્પોરેટસવર્વીસ પ્રાઈવેટલીમીટેડને વિનતિમોકલવી.તે માટે support@adroitcorporate.comઅને ફોનં ૯૧-૨૨૪૨૨૭૦૪૦૦ પર સભ્ય નું નામ ફોલીયો નંબર શેર સર્ટીફીકેટની સ્કેન કોપી (આગળ અને પાછળ)પાનકાર્ડ નીજાતે પ્રમાણિતકરેલી સ્કેન કોપી અને તે રીતે પ્રમાણિત કરેલી આઘાર કાર્ડની કોપી તેમના ઈમેઈલ એડ્રેસ નોંઘણી કરીવવી મોકલી આપવી.

જે સભ્યો ડીમેટ પધ્ઘતિ થી શેર ઘરાવે છે અને તેમણે તેમનું ઈમેઈલ એડ્રેસ ન નોઘાવ્યું હોય તોમણે ૩૮ મી એજીએમ ની નોટાસ ણળ્યેથી ઈમેઈલ એડ્રસની નોંઘણી કરાવી લેવાની વિનંતી કરવામાં આવે છે અને ૩૮મી એજીએમ વીસી/એએવીએમ ની બેઠક માં ભાગ લેવા તથા વાર્ષિક અહેવાલ મેળવવા તેમનો લોગઈન ડીટેઈલ મેળવવા ઈ વોટીંગ ની સગવડતેમના ડીપી મારફતે જે માગદશક અપાય તે પ્રમાણે કાર્યવાહી કરવી. નોઘાયેલા ઈમેઈલ અડ્રેસ ભવિષ્યના વાર્તાલાપમાટે પણ ઉપયોગ થઈ શકે છે કોઈપણ વ્યકિત એ ૩૮મી એજીએમની નોટાસ મોકલાઈ ગયા બાદ શેરહાંસલ કર્યા હોય અને સપ્ટેમ્બર ૨૦૨૦ ને શઉક્રવારના કટ ઓફડેટ પહેલા શેર હાંસલ કર્યા હોય તેમને ૩૮મી એજીએમ ની નોટાસમાં આપેલી સુચનાઓ પ્રમાણે લોગઈન આઈડી અને પાસવર્ડ મેળવવા ઈમેલ પર e-voting@cdslindia.com

વિનંતિ કરીને મેળવી લેવા.ઈ વોટીંગ બાબતે કોઈ પ્રશ્ન હોય તો શ્રી રાકેશ દલવી (સીડીએસએલ) સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વીસીસ (ઈન્ડીયા લીમીટેડ ના મેનેજર એ વિંગ,૨૫મો માળ,મેરેથોન ફુતુરેક્ષ, મફતલાલ મીલ કંમ્પાઉ,એન એમ જોષી માર્ગ,લોઅરપરેલ (ઈસ્ટ),મુમ્બઈ-૪૦૦૦૧૩.ઈમેઈલ e-voting@cdslindia.com ફોન નં ૧૮૦૦૨૨૫૫૩૩ અથવા કંપની ના કંમ્પ્લાયન્સ ઓફિસર ને કંપની ખાતે ઈમેઈલ armanholdingsltd@gmail.com.પર મોકલવું.ઉપર ની માહિતી કંપનીના સભ્યોને માહિતગાર કરવા તથા તેમના ફાઈદા માટે એમસીએ અને વેબી ના પરિપત્ર મુજબ અપાઈ છે. પ્રેન્ટીસીંગ કંપની સેક્રેટરી શ્રી સૌરભ આર જૈન ની સ્ક્રુટીનાઈઝર અને રીમોટઈવોટીંગ તથા બેલેટ મારફતે મતદાન માટે સ્ક્રૂટીની કરવા ન્યાયી અને પારદર્શક રીતે કાર્યવાહી થાય તે માટે નિમણુંક કરી છે .

અરમાન હોલ્ડીંગ લિમિટેડના પક્ષમાં અને તેમના વતી
એસડી/-
હીનાબંગા
કંપની સેક્રેટરી

સ્થળ : સુરત
તારીખ :૧૨ ઓગસ્ટ,૨૦૨૦

ભારે વરસાદઃ ખેડૂતને ખેડ, ખાતર, બિયારણ અને મજૂરીના પૈસા ડૂબે તેવી ભીતિ

ડાંગ, ખેડૂતો માથે આફતો પર આફતો સવાર હોય તેમ વધુ એક મુશ્કેલી આવી છે. કમોસમી વરસાદ, તીડ બાદ હવે મોંઘા ભાવે વાવેતર કરેલી મગફળીમાં ઈયળોનો ઉપદ્રવ થતાં મોટું નુકસાન થઈ રહ્યું છે જેમાં ખેડ, ખાતર, બિયારણ અને મજૂરીના પૈસા હવે ડૂબે તેવી ભીતિ સેવાઈ રહી છે. આ વર્ષે ખેડુતોએ પાક પેટર્ન બદલી છે જેમાં વર્ષોથી કપાસના વાવેતર કરતાં ખેડુતોના ઉભા પાકમાં ગુલાબી ઈયળોનો ઉપદ્રવ વધતા હવે ખેડૂતો મગફળીના વાવેતર તરફ વળ્યાં છે જેમાં હળવદમાં ચાલુ વર્ષે ચોમાસું મગફળીનું વાવેતર ૨૭ હજાર હેકટરમાં કરવામાં આવ્યું છે ત્યારે મગફળીમાં પણ ઈયળોનો ઉપદ્રવ જોવા મળતાં હવે ખેડૂતો ચિંતાતુર બન્યાં છે. મગફળીના બિયારણની વાત કરીએ તો ૨૪૦૦ રૂપિયા ૨૦ કિલો અને ૧૪૦૦ રૂપિયા ડીએસપી ખાતરની બેગ તેમજ દિવસેને દિવસે ડિઝલના ભાવ આસમાને પહોંચી રહ્યાં છે અને મજુરી પણ દિવસેને દિવસે વધી રહી છે ત્યારે જગતનો તાત શું કરે ? પોતાના મહામુલા પાકને બચાવવા માટે વપરાતી દવાઓ પણ બેઅસર સાબિત થઈ રહી છે ત્યારે હવે દવાઓમાં પણ ભેળસેળ હોવાનો આક્ષેપ ખેડૂતો લગાવી રહ્યાં છે. સારાં વરસાદના પગલે ખેડૂતોને ચોમાસું પાકમાં ચોક્કસ ફાયદો થશે, પરંતુ જે રીતે મગફળીના ઉભા પાકમાં ઈયળોનો ઉપદ્રવ વધી રહ્યો છે તેના કારણે મેરૂપર ગામના ખેડુતોએ ૨ હજાર હેક્ટર જમીન પૈકી મોટાભાગની જમીનમાં મગફળીનું વાવેતર કરી નાખ્યું છે અને હાલ જ્યારે પાક ૬૦ દિવસોનો થઈ જતાં તેમા ઈયળોનો ઉપદ્રવ પણ ખુબ જોવા મળી રહ્યો છે, જેના પગલે ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકસાની વેઠવી પડે તેવી સંભાવના વધી છે ત્યારે ખેડૂતો પણ સરકાર પાસે મદદની આશ લગાવીને બેઠાં છે. તો રાજકોટ જીલ્લાના ધોરાજી પંથકમાં ફરેણી રોડ પર આવેલ ખેતરોમાં કોઈ ખેડૂતે દસ વીઘામાં ડુંગળીનું વાવેતર કર્યું હતુ તો કોઈ ખેડૂતે આઠ વીઘામાં ડુંગળીનું વાવેતર કર્યું હતુ. આ વર્ષે ખેડુતોએ પાક પેટર્ન બદલી છે જેમાં વર્ષોથી કપાસના વાવેતર કરતાં ખેડુતોના ઉભા પાકમાં ગુલાબી ઈયળોનો ઉપદ્રવ વધતા હવે ખેડૂતો મગફળીના વાવેતર તરફ વળ્યાં છે જેમાં હળવદમાં ચાલુ વર્ષે ચોમાસું મગફળીનું વાવેતર ૨૭ હજાર હેકટરમાં કરવામાં આવ્યું છ

ઔદ્યોગિક અકસ્માતો નિવારવા ‘ડીશ સલામતિ મહિનો મનાવશે

અમદાવાદ, ઔદ્યોગિક અકસ્માતો નિવારવા અને કામદારોની સલામતી માટેના પ્રયાસના ભાગ તરીકે ડિરેક્ટોરેટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ (ઙ્કેજીૐ) એક માસ લાંબી સલામતી ઝુંબેશ હાથ ધરવા સજ્જ બની છે.

આ સલામતિ મહિનો ૧૭ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી મનાવવામાં આવશે. આ ગાળા દરમ્યાન ઓદ્યોગિક એકમો મોક ડ્રીલનાં આયોજન કરશે અને કામદારોની સલામતિ અંગે ઝુંબેશ હાથ ધરશે. લેબર ડિરેક્ટોરેટના અધિકારીઓ પણ આ સલામતી મહિનાના કાર્યક્રમોમાં જોડાશે.

શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રા જણાવે છે કે “જો સલામતિ માટેનાં ફરજીયાત પગલાંને અનુસરવામાં આવે તો મોટા ભાગના અકસ્માતો નિવારી શકાય તેમ છે. સેફટી મન્થ મનાવવાનો ઉદ્દેશ સલામતિના નિયમોનુ પાલન કરીને રાજયમાં ઔદ્યોગિક અકસ્માતો ઘટાડવાનો છે. સલામતિનાં ધોરણોને અનુસરવાને કારણે તથા ઉદ્યોગો અને કામદારોમાં બહેતર જાગૃતિને પરિણામે છેલ્લાં થોડાં વર્ષમાં ઔદ્યોગિક અકસ્માતોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. પરંતુ અમે આ સંખ્યાને વધુ ઓછી કરવા માગીએ છીએ અને આ કારણથી જ અમે આઝુંબેશ હાથ ધરી છે.” ડીશ શ્રમ અને રોજગાર વિભાગના નેજા હેઠળ કામ કરી રહ્યું છે. ડીશના ડિરેકટર શ્રી પી એમ શાહ જણાવે છે કે “આ ઝુંબેશ દરમ્યાન ફેસ માસ્કનો ઉપયોગ, નિયમિત સેનેટાઈઝેશન, સોશ્યલ ડિસ્ટન્સિંગ વગેરે જેવા કોવિડ-૧૯ના માર્ગરેખાઓ મુજબ નિયમોનું પણ પાલન કરવામાં આવશે. અને એમાં ચૂક કરતાં એકમો સામે પ્રવર્તમાન માર્ગરેખાઓ મુજબ નિયમ પાલન નહી કરવા બદલ દંડાત્મક કાર્યવાહિ કરવામાં આવશે.” (૧૯-૧)

વલસાડ જિલ્લામાં ૧૨ કલાકમાં ૨૫ ઈંચ વરસાદ, નદીઓમાં ઘોડાપૂર

વલસાડ, જિલ્લામાં છેલ્લા બે માસ ઉપરાંતથી અનેક ખેડૂત મિત્રો વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યાં હતાં. જો કે, વરસાદના આવતા ડાંગરનો ઉભો પાક ખેતરમાં કરનાર અનેક ખેડૂતોની હાલત કપરી હતી, પરંતુ હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી ૧૬ તારીખ સુધીની આગાહીને પગલે વલસાડ જિલ્લામાં મંગળવાર રાત્રીથી વરસાદની હેલી જોવા મળી હતી. નદીઓ બે કાંઠેનદીઓ બે કાંઠેબુધવારે વહેલી પરોઢિયેથી મેઘરાજા મહેર કરતા જિલ્લાની લોકમાતાઓ બંને કાંઠે વહતી જોવા મળી રહી છે.

ગોકુલ એગ્રો રિસોર્સિસ લિમિટેડ

(CIN: L15142GJ2014PLC080010)
રજિ. ઓફિસઃ ૮૦૧-૮૦૫, દ્વારકેશ બિઝનેસ હબ, વિસામો સોસાયટી સામે,
મોટેરા, અમદાવાદ – ૩૮૦ ૦૦૫
ફોનઃ ૦૭૯-૬૭૧૨૩૫૦૦/૦૧ વેબઃ www.gokulagro.com
ઈ-મેઈલઃ chinar.cs@gokulagro.com

છઠ્ઠી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

આથી નોટિસ આપવામાં આવે છે કે ગોકુલ એગ્રો રિસોર્સિસ લિમિટેડના સભ્યોની છઠ્ઠી વાર્ષિક સામાન્ય સભા સોમવાર, તા. સપ્ટેમ્બર ૭, ૨૦૨૦ ના રોજ સવારે ૧૨.૦૦ કલાકે વિડિઓ કોન્ફરન્સ (વીસી) / અન્ય ઓડિયો / વિડિઓ માધ્યમ (ઓએવીએમ) દ્વારા યોજાશે, જેમાં એજીએમ નોટિસમાં દર્શાવવામાં આવ્યા મુજબનાં બિઝનેસ હાથ ધરાશે. મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તા. ૮મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં. ૧૭/ ૨૦૨૦ તા. ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ અને પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તા. ૫મી મે, ૨૦૨૦ તથા સિક્યુરિટિઝ એન્ડ એક્સ્ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/ CIR/P/2020/79 તા. ૧૨મી મે, ૨૦૨૦ (“પરિપત્રો”) ઉપરોક્ત પરિપત્રોનાં અનુસંધાનમાં, એજીએમની નોટિસ તથા ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ જે સભ્યોનાં ઈ-મેઈલ આઈડી કંપની / ડિપોઝિટરી પાર્ટીસિપન્ટ સમક્ષ નોંધાયેલ છે, તેમને ઈલેક્ટ્રોનિક માધ્યમથી તા. ૧૩મી ઓગષ્ટ, ૨૦૨૦ ના રોજ મોકલી આપવામાં આવેલ છે. સભ્યોએ એ પણ નોંધ લેવી કે એજીએમની નોટિસ તથા વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦ કંપનીની વેબસાઈટ www.gokulagro.com, અને સ્ટોક એક્સ્ચેંજની વેબસાઈટ www.bseindia.com તથા www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે. કંપની એક્ટ, ૨૦૧૩ની કલમ ૯૧ ("એક્ટ") ની જોગવાઈઓ અનુસાર અને લાગુ નિયમો અન્વયે આથી એ બાબત માટે પણ નોટિસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક શુક્રવાર, તા. ૨૮ ઓગષ્ટ, ૨૦૨૦, થી રવિવાર તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૨૦ (બંને દિવસ સહિત) છઠ્ઠી એજીએમના હેતુ અન્વયે બંધ રહેશે. કંપની એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૮ ની જોગવાઈઓ અનુસાર અને સુધારા સહિતનાં કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૦, તેમજ સિક્યુરિટિઝ એન્ડ એક્સ્ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર્સ રિક્વાયર્મેન્ટ્સ) નિયમન ૪૪ અન્વયે એજીએમની નોટિસમાં વર્ણવવામાં આવેલ તમામ ઠરાવો પર સભ્યોને તેમનો મત ઈલેક્ટ્રોનિકલી આપવા માટે ઈ-વોટિંગની સુવિધા લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આપવામાં આવેલ છે. સભ્યોના મતદાનના અધિકારો સોમવાર, તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૦ ના (’કટ-ઓફ ડેટ’) રોજની સ્થિતિ મુજબ રહેલા શેર્સ ની સંખ્યાના આધારે પ્રમાણસર ગણાશે કે જે કટ-ઓફ તારીખ છે. રિમોટ ઈ-વોટિંગ સમયગાળાની શરૂઆત શુક્રવાર, તા. ૪ સપ્ટેમ્બર, ૨૦૨૦ ને સવારે ૯.૦૦ વાગ્યે શરૂ થશે અને રવિવાર તા.૬ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે પુરી થશે. આ સમયગાળા દરમિયાન, સભ્યો ઈલેક્ટ્રોનિકલી મત આપી શકશે. ત્યારબાદ રિમોટ ઈ- વોટિંગ મોડ્યુલ લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા બંધ કરવામાં આવશે. તે સભ્યો જેમણે રિમોટ ઈ-વોટિંગનો ઉપયોગ કર્યો નથી અને એજીએમ વીસી / ઓએવીએમ સુવિધા દ્વારા હાજર હશે તે સભ્યો એજીએમ દરમિયાન ઈલેક્ટ્રોનિક સિસ્ટમ દ્વારા મત આપી શકશે. એક વાર સભ્યે કોઈ એક ઠરાવ ઉપર રિમોટ ઈ-વોટિંગ દ્વારા મત આપ્યો છે તેઓ વીસી / ઓએવીએમ દ્વારા એજીએમમાં ભાગ લઈ / ભાગ લઈ શકે છે પરંતુ ફરીથી તેમને મતદાન કરવાની મંજુરી મળશે નહી. કંપની દ્વારા નોટિસ ઈલેક્ટ્રોનિકલી મોકલાયા બાદ કોઈપણ વ્યક્તિ, જે કંપનીના શેર પ્રાપ્ત કરે છે અને કંપનીના સભ્ય બને છે અને કટ-ઓફ ડેટ પરના શેરો ધરાવે છે; તેઓ enotices@linkintime.co.in પર વિનંતી મોકલીને લોગ-ઈન અને પાસવર્ડ મેળવી શકે છે.

ઈલેક્ટ્રોનિક વોટિંગ સંબંધી કોઈપણ પ્રશ્ન હોય, તો સભ્યો તે માટે https://instavote.linkintime.co.in ઉપર હેલ્પ સેક્શનમા (Frequently Asked Questions) (“FAQs”) (અવાર નવાર પૂછાતાં પ્રશ્નો) અને ઈ-વોટિંગ મેન્યુઅલનો ઉપયોગ કરી શકે છે અથવા enotices@linkintime.co.in પર ઈ-મેઈલ કરી શકે છે અથવા ૦૨૨–૪૯૧૮ ૬૦૦૦ પર ફોન કરીને જાણકારી મેળવી શકે છે. એજીએમની નોટિસ તથા વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦ કંપનીની વેબસાઈટ www.gokulagro.com, અને સ્ટોક એક્સ્ચેંજની વેબસાઈટ www.bseindia.com તથા www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે.

બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના આદેશથી,
ગોકુલ એગ્રો રિસોર્સિસ લિમિટેડ વતી,
સહી/-
ચિનાર જેઠવાણી
કંપની સેક્રેટરી & કમ્પ્લાયન્સ ઓફિસર

સ્થળ : અમદાવાદ
તારીખ : ઓગષ્ટ ૧૪, ૨૦૨૦

YASH CHEMEX LIMITED

FORMERLY KNOWN AS YASH CHEMEX PRIVATE LIMITED
411,4TH FLOOR,SIGMA ICON-1,OPP. MEDILINK HOSPITAL SATELITE,AHMEDABAD-380015.
"TELE:- 079-40028639/26730257/26730258,Email:- yashchem@hotmail.com, “Website:- www.yashchemex.com"
CIN:- L74110GJ2006PLC048385

Statement of Standalone and Consolidated Unaudited Financial Results for the Quarter Ended June 30,2020

(ઈજ઼ૈ.હ ક્ષ્ઢારજ)

		Standalone Unudited Financial Results				Consolidated Unaudited Financial Results			
	Particulars	Quarter Ended 30/06/2020	Quarter Ended 31/03/2020	Quarter Ended 30/06/2019	Year Ended 31/03/2020	Quarter Ended 30/06/2020	Quarter Ended 31/03/2020	Quarter Ended 30/06/2019	Year Ended 31/03/2020
1	Total Income from Operations	305.23	2,304.00	1,929.96	6,725.49	452.31	3,066.84	2,044.33	7,941.56
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	0.07	54.41	41.64	243.45	56.87	93.33	77.37	402.04
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items#)	0.07	54.41	41.64	243.45	56.87	93.33	77.37	295.26
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	-2.79	0.05	35.99	178.90	39.13	33.46	61.45	295.26
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	-53.36	-17.61	93.90	293.94	-11.44	15.80	119.37	410.29
6	Equity Share Capital of Face Value Rs.10/- Each	102.43	102.43	102.43	102.43	102.43	102.43	102.43	102.43
7	Earnings Per Share (of Rs. 10/- Each) (for continuing & discountued operatoions):								
	A: Basic	-0.03	0.00	0.35	1.75	0.38	1.03	0.31	2.33
	B: Diluted	-0.03	0.00	0.35	1.75	0.38	1.03	0.31	2.33

NOTES:

1 The above is an Extract of the detailed format of Unaudited Quarter Ended Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Half Yearly Financial Results are available on the Stock Exchange website i.e. www.bseindia.com and on the website of the Comapny i.e. www.yashchemex.com.

2 The above Unaudited Financial Results for the Quarter ended on June 30,2020 have been reviewed by the Audit Committee and thereafter approved by the Board of Directors in their respective meetings held on 13th August ,2020. The Limited Review as required under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 has been completed by the statutory auditors of the company and the related report is submitted to the concerned stock exchanges.

3 The Unaudited Financial Results for the Quarter ended on June 30,2020 have been prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules, 2015 (Ind AS) prescribed under Section 133 of the Companies Act, 2013 and other recognised accounting practices and policies to the extent applicable.

By Order of Board of Directors
Sd/-
Pritesh Shah
Managing Director
DIN: 00239665